# <u>પારડીના મહે. અધિક જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. પારડી.</u>

**ફોજદારી કેસ નં. ૫૧૩૯/૨૦૨૪**

આંક :–

શ્રી સરકાર ... ફરીયાદી

<u>**વિરૂધ્ધ**</u>

-

**મહમદ સફિ મહમદ યાસીન શેખ** ...આરોપી

**–::<u>જજમેન્ટ</u>::–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર આઈ.પી.સી.કલમ– ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થયેલા તેમજ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતા આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરસીસ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમીક નિવેદન લેતા આરોપીએ સ્વૈછીક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરસીસ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમીક નિવેદન લેતાં આરોપીએ સ્વૈછીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે તેઓનો હાલનો પ્રથમ ગુનો છે. તેમજ આર્થિક પરિસ્થીતી ખુબ જ નબળી છે હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહી. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય આ ગુનાની કબુલાત સ્વૈછીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય આ અદાલત પાસે બીજા કોઈ વિકલ્પ નથી. આ કામના આરોપીની રજુઆત તેમજ આર્થિક, સામાજિક, કૌટુંબીક પરીસ્થિતી નજર સમક્ષ રાખતાં આરોપીને હળવી રકમનો દંડ કરવામાં તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે રીતે નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S NATVAR HARKHACHANDJI THAKOR 2005(1) G.L.P.709: 2005 (1) GCD 749 માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતા કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતાં પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલુ છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::<u> આખરી હુકમ </u>::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આઈ.પી.સી. કલમ– ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૫૦૦/– (અંકે રૂ.પાંચસો પુરા)** દંડ સરકારશ્રી ખાતે જમા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તા.૧૧, માહે: જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ કન્ટીન્યુઅસ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પારડી.
તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

**(પી.એ.શર્મા)**
અધિક જ્યુ. મેજી.ફ. ક.,
પારડી.
**GJ-01670**